# અમરેલીમાં 11 કરોડમાં બનેલા રોડમાં લોટ-પાણી અને લાકડા

**એક મહિના** પહેલા જ બનેલા રોડની તોડી નવો બનાવવામાં આવશે

**નબળું** કામ કરનારી એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવશે



રાજકોટ : અમરેલી શહેરમાં આર્ટસ કોલેજ પાસે આશરે 11 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત RCC રોડની કામગીરીમાં મોટા પાયે લોટપાણીને લાકડા થયાનું સામે આવ્યું છે. માત્ર એક મહિના પહેલા જ તૈયાર થયેલા આ રસ્તાના ગુણવત્તાના સેમ્પલ લેબોરેટરી તપાસમાં નાપાસ થતા, હવે આ માર્ગને તોડી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. રાજ્યના મંત્રી કૌશિક વેકરીયાને આ રસ્તાની નબળી ગુણવત્તા અંગે જાણ થતા તેમણે તાત્કાલિક કડક પગલાં લેવા આદેશ આપ્યા હતા. તપાસ દરમિયાન સંબંધિત કોન્ટ્રાક્ટર એજન્સીએ પણ સ્વીકાર્યું હતું કે કામગીરીમાં ખામી રહી ગઈ છે. મંત્રીની સૂચના બાદ, હાલ 125 મીટર લાંબો નબળો રોડ તોડીને તેને ફરીથી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

મંત્રી કૌશિક વેકરીયાએ કહ્યું કે, આ રોડ નું સેમ્પલ ફેઈલ થતા મારા ધ્યાને આવતાજ મેં જ રોડ તોડવા માટે સૂચના આપી હતી રોડના કામમાં નબળી ગુણવતા રાજય સરકાર નહીં ચલાવે માત્ર આ રોડ નહીં મેં તો આખા જિલ્લામા તમામ માર્ગોના કામો ઉપર સેમ્પલ લેવા સૂચના આપી છે. આ ઘટનાને ગંભીરતાથી લઈને મંત્રીએ જિલ્લાના તમામ અધિકારીઓને સૂચના આપી છે કે, સમગ્ર અમરેલી જિલ્લામાં હાલમાં બનેલા તમામ રસ્તાઓના સેમ્પલ લઈને તેની ગુણવત્તા ચકાસવામાં આવે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પ્રભારી મંત્રી જીતુ વાઘાણી અને ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે નબળું કામ કરનાર એજન્સીઓને 'બ્લેક લિસ્ટ' કરવામાં આવશે. રોડ તોડવાની આ કામગીરીના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. આ મુદ્દે રાજકીય પ્રતિક્રિયા આપતા પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણીના ભાઈ શરદ ધાનાણીએ જણાવ્યું હતું કે, અમરેલીમાં ઠેર ઠેર રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા છે. એક મહિનો જ થવા છતાં જો રોડ તોડવો પડતો હોય, તો તે સરકારી નાણાંનો વ્યય અને તંત્રની લાપરવાહી સૂચવે છે.

હાલમાં એજન્સી દ્વારા પોતાના ખર્ચે ફરીથી રોડ બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, પરંતુ આ ઘટનાએ શહેરના અન્ય વિકાસકામોની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ ચિન્હ મૂક્યું છે.

# 1લી એપ્રિલે મનપા-પંચાયતોની ચૂંટણીની જાહેરાતની શક્યતા

**રાજ્યના** પોલીસ તંત્રમાં 772 અધિકારીની સામૂહિક બદલી-બઢતી

**પીએમ** મોદીની મુલાકાત બાદ ચૂંટણીની જાહેરાત થવાની સંભાવના

ગાંધીનગર: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો કાઉન્ટડાઉન શરૂ થઈ ગયો છે. આગામી 31 માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત બાદ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગમે તે ક્ષણે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

આ દરમિયાન વહીવટી તંત્ર અને ખાસ કરીને પોલીસ વિભાગમાં મોટા પાયે ફેરફારો કરીને સરકારે ચૂંટણીની તૈયારીઓ તેજ કરી દીધી છે.

### 1લી એપ્રિલે જાહેરાત, એપ્રિલના અંતમાં મતદાન?

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે 1લી એપ્રિલના રોજ રાજ્ય ચૂંટણી આયોગ 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરી શકે છે. જો આ મુજબ જાહેરાત થાય, તો એપ્રિલ મહિનાના અંત ભાગમાં મતદાન યોજાઈ શકે છે ચૂંટણીના આંકડા અને વ્યાપ તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલી પ્રાથમિક મતદાર યાદી મુજબ, આ ચૂંટણીઓમાં કુલ 2.74 કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. આ ચૂંટણી જંગમાં નીચે મુજબની સંસ્થાઓનો સમાવેશ થાય છે:

» 15 મહાનગરપાલિકા » 84 નગરપાલિકાઓ (સાથે 11 નગરપાલિકાની 13 બેઠકોની પેટાચૂંટણી) » 34 જિલ્લા પંચાયત » 260 તાલુકા પંચાયત

### પોલીસ બેડામાં મોટો ઉલટફેર: 254 PSIને બઢતી

ચૂંટણીની આચારસંહિતા લાગુ થાય તે પૂર્વે રાજ્યના પોલીસ તંત્રમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. બઢતી સાથે બદલી: રાજ્યના 254 પોલીસ સબ ઇન્સ્પેક્ટર (PSI) ને પોલીસ ઇન્સ્પેક્ટર (PI) તરીકે બઢતી આપીને નવા સ્થાને પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. PIની બદલી: આ ઉપરાંત, 518 પોલીસ ઇન્સ્પેક્ટર (PI) ની પણ આંતરિક બદલીઓના ઓર્ડર કરી દેવામાં આવ્યા છે. આગામી ફેરફાર : સૂત્રોના જણાવ્યા અનુસાર, 31મી માર્ચ પહેલા અનેક DYSP અને જરૂર જણાયે IPS અધિકારીઓની પણ બદલીના ગંજીપો ચીપાઈ શકે છે.

# ભાજપના ગઢ ઉમરેઠમાં ગાબડું પાડવા વિપક્ષો સજ્જ

**2022ની** ચૂંટણીમાં ભાજપના ગોવિંદ પરમારે 95,639 મત મેળવી વિજય મેળવ્યો હતો

**કોંગ્રેસ** તે મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારીને નવો પ્રયોગ કરી શકે

ગાંધીનગર : મધ્ય ગુજરાતની હાઈપ્રોફાઈલ ગણાતી ઉમરેઠ વિધાનસભા બેઠક પર ભાજપના દિગ્ગજ નેતા - ધારાસભ્ય ગોવિંદ પરમારના નિધન બાદ હવે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા પેટાચૂંટણી જાહેર કરતાં જ ૨૩ એપ્રિલે થનારા મતદાન માટે તમામ પક્ષોએ એડીચોટીનું જોર લગાવવાનું શરૂ કરી દીધું છે. આ બેઠક પર ભાજપ, કોંગ્રેસ, AAP અને NCP (જયંત બોસ્કી) વચ્ચે ચતુષ્કોણીય જંગ જામવાની પૂરેપૂરી સંભાવના છે.

### જ્ઞાતિ સમીકરણો અને નવા સીમાંકનનું ગણિત

ઉમરેઠ બેઠક પર ક્ષત્રિય મતદારોનું પ્રભુત્વ રહ્યું છે, પરંતુ ૨૦૧૨ના નવા સીમાંકન બાદ અહીં પટેલ, OBC, ખેડાવળ બ્રાહ્મણ અને વૈષ્ણવ મતદારોનું સમીકરણ નિર્ણાયક બન્યું છે. અમિત ચાવડાના પરિવારનું જોર અને મુસ્લિમ મતદારોનો ઝુકાવ કોઈ પણ પક્ષની બાજી પલટી શકે છે.આ વિસ્તારના જ્ઞાતિ સમીકરણો પણ ચૂંટણીમાં મહત્વપૂર્ણ સાબિત થવાના છે. પટેલ, ઓબીસી, ક્ષત્રિય, ખેડાવળ બ્રાહ્મણ, વૈષ્ણવ અને મુસ્લિમ મતદારોનું સંયોજન પરિણામને અસર કરી શકે છે. ઉમરેઠ બેઠક ઐતિહાસિક રીતે કોંગ્રેસનો ગઢ રહી છે, જોકે છેલ્લા બે ટર્મથી ભાજપે અહીં જીત મેળવી છે. 2022ની ચૂંટણીમાં ભાજપના ગોવિંદ પરમારે 95,639 મત મેળવી વિજય મેળવ્યો હતો, જ્યારે એનસીપીના જયંત પટેલ બોસ્કી બીજા ક્રમે રહ્યા હતા. ઉમરેઠમાં કુલ 2,24,836 મતદારો નોંધાયેલા છે. કુલ 306 મતદાન મથકો પર EVM અને VVPAT દ્વારા મતદાન થશે.કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કાર્યક્રમ મુજબ 23 એપ્રિલે મતદાન થશે અને 4 મેના રોજ પરિણામ જાહેર થશે.આગામી તા.30 મી માર્ચના રોજ પેટા ચૂંટણી માટે નોટિફિકેશ જાહેર થશે, તે પછી તા.6ઠ્ઠી એપ્રિલ સુધી ઉમેદવારી કરી શકાશે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ઉમરેઠ પેટાચૂંટણી માત્ર એક બેઠક માટેનો જંગ નહીં, પરંતુ આગામી મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી પહેલાં મતદારોનો મિજાજ સમજવાની અગત્યની કસોટી સાબિત થશે. ખાસ કરીને ભાજપ માટે પોતાનો દબદબો જાળવવો જરૂરી બન્યો છે, જ્યારે વિપક્ષ માટે આ જીત રાજકીય સંજીવની સમાન બની શકે છે.ઉમરેઠમાં હવે ઉમેદવારોની અંતિમ જાહેરાત બાદ રાજકીય ચિત્ર વધુ સ્પષ્ટ બનશે, પરંતુ હાલની સ્થિતિએ આ બેઠક પર પેટા ચૂંટણીનો જંગ રસપ્રદ બનવાનો સંકેત સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

### ભાજપમાં ટિકિટ માટે 'રસાકસી': વારસદાર કે અનુભવી ?

છેલ્લી બે ટર્મથી ભાજપના કબજામાં રહેલી આ બેઠક પર દાવેદારોની લાંબી યાદી છે. સ્વ. ગોવિંદ પરમારના પુત્ર હર્ષદ પરમાર સહાનુભૂતિના જોરે મુખ્ય દાવેદાર ગણાય છે, પરંતુ તેમની સામે બળવંતસિંહ પરમાર, સુનિલસિંહ સોલંકી અને ભૂષણ ભટ્ટ જેવા અનુભવી ચહેરાઓ પણ રેસમાં છે. નવી બનેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા આ બેઠક જીતવી ભાજપ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે.

### ચૂંટણી કાર્યક્રમ પર એક નજર

» **કુલ મતદારો:** ૨,૨૪,૮૩૬
» **જાહેરનામું:** ૩૦ માર્ચ, ૨૦૨૬
» **મતદાન:** ૨૩ એપ્રિલ, ૨૦૨૬
» **પરિણામ:** ૦૪ મે, ૨૦૨૬

### NCPના જયંત બોસ્કીનો 'માસ્ટરસ્ટ્રોક' અને કોંગ્રેસની વ્યુહરચના

NCPના નેતા જયંત પટેલ બોસ્કીએ સોશિયલ મીડિયા દ્વારા ઉમેદવારીની જાહેરાત કરીને જંગને વધુ રસપ્રદ બનાવી દીધો છે. ૨૦૧૭માં ભાજપ માત્ર ૧% મતે જીત્યું હતું, જેનો ઉલ્લેખ કરી બોસ્કીએ આ બેઠકને NCPનો ગઢ ગણાવ્યો છે. બીજી તરફ, કોંગ્રેસ આ વખતે મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારીને નવો પ્રયોગ કરી શકે છે, જ્યારે આમ આદમી પાર્ટી (AAP) વીસાવદર જેવો ઉલટફેર કરવાની ફિરાકમાં છે.

**રેરા હેઠળ 1,823 નવા પ્રોજેક્ટ નોંધાયા, કુલ રોકાણ આશરે 79 હજાર કરોડ**

# રાજ્યમાં 343 પ્રોજેક્ટ સાથે સુરત બીજા ક્રમે

**અમદાવાદ** 550 પ્રોજેક્ટ સાથે પ્રથમ, વડોદરા 219 સાથે તૃતિય ક્રમે

સુરત : ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં સતત વૃદ્ધિ નોંધાઈ રહી છે. નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કુલ 1,823 નવા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ નોંધાયા છે, જે ગયા વર્ષની સરખામણીમાં અંદાજે 6 ટકાનો વધારો દર્શાવે છે.ગુજરાત વિધાનસભામાં રેરા ઓથો.નો વર્ષ 2024-25નો કામગીરી રિપોર્ટ રજુ કરાયો છે. જેમાં મહત્વનો ડેટા રજુ કરાયો છે. રાજ્યમાં અત્યાર સુધી કુલ 15,262 પ્રોજેક્ટ નોંધાયેલા છે, જેમાંથી 8,405 પ્રોજેક્ટ પૂર્ણ થયા છે, એટલે કે કુલ પ્રોજેક્ટમાંથી લગભગ 55 ટકા પ્રોજેક્ટ પૂર્ણતાને પહોંચ્યા છે. આ સાથે 78 ટકા પ્રોજેક્ટ રેરા અમલ પછી શરૂ થયેલા હોવાનું પણ અહેવાલમાં ઉલ્લેખિત છે.

### એકમ અને વિસ્તારની દ્રષ્ટિએ પ્રગતિ

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૨ લાખ યુનિટ્સ (એકમો) અને ૧૬ મિલિયન ચોરસ મીટર કાર્પેટ એરિયા ગુજરેરા હેઠળ નોંધાયા છે. એકમોની સંખ્યામાં પણ અમદાવાદ ૭૦,૦૨૬ યુનિટ્સ (૩૫%) સાથે ટોચ પર છે. રાજકોટમાં ગાંધીનગર કરતા ઓછા પ્રોજેક્ટ્સ હોવા છતાં, ત્યાં રોકાણનું મૂલ્ય લગભગ ૫ ગણું વધારે છે, જે મોટા પાયાના પ્રોજેક્ટ્સનું સૂચન કરે છે.

### રોકાણ અને પ્રોજેક્ટ્સની વિગતો

અહેવાલ મુજબ, અત્યાર સુધીમાં ગુજરેરા હેઠળ કુલ ૧૫,૨૬૨ પ્રોજેક્ટ્સ નોંધાયા છે, જેમાં અંદાજે ૫.૦૩ લાખ કરોડ રૂપિયાનું જંગી રોકાણ થયું છે. નોંધનીય છે કે આમાંથી ૫૫% એટલે કે ૮,૪૦૫ પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યા છે.

**રેસિડેન્શિયલ (રહેણાક):** સૌથી વધુ ૪૬% હિસ્સો ધરાવે છે. જ્યારે **મિક્સ ડેવલપમેન્ટ:** ૩૪% હિસ્સા સાથે બીજા ક્રમે છે.

પ્રોજેક્ટના પ્રકાર મુજબ જોવામાં આવે તો રહેણાંક પ્રોજેક્ટનો સૌથી મોટો હિસ્સો છે. વર્ષ 2024-25 દરમિયાન 726 રહેણાંક, 637 મિશ્ર વિકાસ, 245 વાણિજ્યિક અને 215 પ્લોટેડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ નોંધાયા છે. આ આંકડા દર્શાવે છે કે રાજ્યમાં રહેણાંક અને મિશ્ર વિકાસ પ્રોજેક્ટની માંગ સૌથી વધુ છે.જિલ્લાવાર આંકડાઓ મુજબ અમદાવાદ પ્રથમ ક્રમે છે જ્યાં 550 પ્રોજેક્ટ નોંધાયા છે, ત્યારબાદ સુરતમાં 343, વડોદરામાં 219, ગાંધીનગરમાં 187 અને રાજકોટમાં 157 પ્રોજેક્ટ નોંધાયા છે. સુરતમાં પ્રોજેક્ટ નોંધણીમાં 17 ટકાનો વધારો નોંધાયો છે, જ્યારે અમદાવાદમાં 3 ટકાનો વધારો થયો છે.રોકાણની દૃષ્ટિએ રાજ્યમાં કુલ અંદાજે 79,563 કરોડનું રોકાણ થયું છે અને આશરે 2 લાખ યુનિટ નોંધાયા છે. અમદાવાદમાં સૌથી વધુ 70,026 યુનિટ નોંધાયા છે, જે રાજ્યના કુલ યુનિટમાં લગભગ 35 ટકા છે.

રેરાના રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે વર્ષ 2024-25 દરમિયાન કુલ 564 એજન્ટ નોંધાયા છે, જેમાંથી 523 વ્યક્તિગત અને 41 કંપનીઓ છે. તેમાં અમદાવાદનો સૌથી મોટો હિસ્સો છે.આ આંકડાઓ દર્શાવે છે કે ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે અને વિવિધ શહેરોમાં સંતુલિત વિકાસ સાથે ક્ષેત્રમાં ગતિ જળવાઈ રહી છે.

# ગુજરાતનું 'બનાસ બાયો-સીએનજી મોડલ' હવે દેશમાં છવાશે

ગાંધીનગરઃ ગુજરાતે 'વેસ્ટ ટુ વેલ્થ'ના વિઝનને સાકાર કરતી નવી પહેલ રૂપે 'બનાસ બાયો-સીએનજી' મોડલ દ્વારા દેશભરમાં અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. 'વેસ્ટ ટુ વેલ્થ' અને હરિત ઊર્જાના વિઝનને સાકાર કરવામાં ગુજરાતનું 'બનાસ બાયો-સીએનજી' મોડલ રાષ્ટ્રીય સ્તરે આદર્શ બની રહ્યું છે. સીએમ ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ વિકસિત આ પ્રોજેક્ટની સફળતા જોઈને હવે દેશના ૧૫ રાજ્યો આ મોડલને અપનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે. ગાયના છાણમાંથી બાયો-ગેસ અને જૈવિક ખાતર બનાવતો આ પ્રોજેક્ટ ગ્રામીણ અર્થતંત્રમાં સમૃદ્ધિનો નવો સૂર્યોદય લાવ્યો છે. બજેટમાં 60 કરોડની જોગવાઈઃ 10 નવા પ્લાન્ટનું આયોજન બાયો-સીએનજી સેક્ટરની વ્યાપક સંભાવનાઓને ધ્યાનમાં રાખીને રાજય સરકારે ચાલુ વર્ષના બજેટમાં 60 કરોડની વિશેષ જોગવાઈ કરી છે.

# મોદી 31 માર્ચે સાણંદમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે


**ગાંધીનગરમાં** જૈન હેરિટેજ મ્યૂઝિયમનું લોકાર્પણ કરશે

ગાંધીનગર : ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની નેમ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 31 માર્ચે ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. આ મુલાકાત રાજ્યના ઔદ્યોગિક નકશાને બદલી નાખનાર સેમિકન્ડક્ટર પ્લાન્ટથી લઈને આધ્યાત્મિક વારસાને જાળવતા આધુનિક મ્યુઝિયમ સુધીના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ સાથે વિકાસ અને વારસાનો અનોખો સંગમ સાબિત થશે. પીએમ મોદીના પ્રવાસની શરૂઆત સવારે 9:45 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આગમન સાથે થશે. આધ્યાત્મિક વિરાસત ગાંધીનગરના કોબા તીર્થ ખાતે તેઓ 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ કરશે. બપોરે 12:30 કલાકે સાણંદમાં 'Kaynes Semicon' પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે.

## સુડોકુ ૬૪૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | ૪ | ૮ | | ૯ | ૧ | | ૨ |
| | ૩ | ૧ | | | ૪ | | | |
| | | | ૬ | ૫ | | ૩ | | |
| ૭ | | | | | | ૯ | ૩ | ૮ |
| ૩ | ૮ | | | | | ૪ | ૧ | ૬ |
| ૪ | | ૬ | ૩ | | ૮ | ૨ | ૫ | |
| | | ૩ | ૪ | | ૨ | | | ૯ |
| ૬ | ૪ | | | ૮ | | ૫ | | ૧ |
| ૨ | ૯ | ૮ | | | ૭ | ૬ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### શરીરની ગાંઠ- અશ્વગંધા મૂળ

પૂજ્ય જયકૃષ્ણ ઇંદ્રજી પ્લેગની ગાંઠ પર વાપરતા. વગડામાં ઊગતી અશ્વગંધાનું મૂળ પાણીમાં ઘસી શરીરની ગાંઠ પર લેપ કરતાં ગાંઠ ઓગળી જાય છે. એ જ કુળના ધતુરાનાં પાનમાં આવો ગુણ હોવાનું કહેવાય છે. આ બાબતમાં સંશોધનને અવકાશ છે.

# વિશ્વની સૌથી ઊંચી એક પગ પર ઊભેલી મૂર્તિની પ્રતિષ્ઠા

**દિલ્હીના** અક્ષરધામ ખાતે નીલકંઠ વર્ણીની મૂર્તિનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન



અમદાવાદ : વિશ્વપ્રસિદ્ધ સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે નીલકંઠ વર્ણીની 108 ફૂટ ઊંચી ભવ્ય મૂર્તિનો પ્રતિષ્ઠા મહોત્સવ પરમ ભક્તિ અને વૈદિક વિધિઓ સાથે ભવ્ય રીતે યોજાયો હતો. આ મૂર્તિ વિશ્વની સૌથી ઊંચી "એક પગ પર સ્થિત" મૂર્તિ તરીકે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. "આ મૂર્તિ સમગ્ર વિશ્વમાં શાંતિનો પ્રસાર કરશે અને દર્શનાર્થીઓને સદગુણોની પ્રેરણા આપશે." નીલકંઠ વર્ણીની આ મૂર્તિ ભગવાન સ્વામિનારાયણના બાળ તપસ્વી સ્વરૂપનું જીવંત પ્રતિનિધિત્વ કરે છે. એક પગ પર ગહન ધ્યાનમગ્ન અવસ્થામાં દર્શાવતી આ મૂર્તિ તેમની પુલહાશ્રમમાં કરેલી કઠોર તપસ્યાનું પ્રતિબિંબ છે. માત્ર 11 વર્ષની ઉંમરે શરૂ થયેલી તેમની સાત વર્ષની ભારતભરની યાત્રા ત્યાગ, નિર્ભયતા અને ભક્તિના આદર્શોને ઉજાગર કરે છે.


પ્રાતઃકાળથી જ અક્ષરધામ પરિસરમાં ભક્તોની વિશાળ ભીડ ઉમટી પડી હતી. પરંપરાગત વેશભૂષામાં સજ્જ ભક્તોએ ભજન, વૈદિક મંત્રોચ્ચાર અને સામૂહિક પ્રાર્થનાઓ દ્વારા સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું. સવારે 6:00 વાગ્યે પ્રતિષ્ઠા વિધિનો આરંભ થયો અને વિશ્વભરમાંથી આવેલા આશરે 300 સંતોની ઉપસ્થિતિમાં આ પવિત્ર વિધિઓ પૂર્ણ શ્રદ્ધા અને પવિત્રતા સાથે સંપન્ન થઈ. હજારો હરિભક્તોએ ઉત્સાહભેર ભાગ લઈને આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા હતા.

# અમદાવાદ-મંગલુરુ સ્પેશિયલ ટ્રેનની 29 મે સુધી વધારવાનો નિર્ણય

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ-મંગલુરુ વચ્ચે દોડતી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની અવધિ 29 મે, 2026 સુધી વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી મુસાફરોને વધુ સુવિધા મળશે તેમજ વધતી ભીડનું સુચારુ સંચાલન શક્ય બનશે. પશ્ચિમ રેલવેના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે આ સ્પેશિયલ ટ્રેન પૂર્વનિર્ધારિત માર્ગ, સમયપત્રક, કોચ વ્યવસ્થા અને ખાસ ભાડા સાથે યથાવત્ ચલાવવામાં આવશે. ટ્રેન નંબર 09424 અમદાવાદ-મંગલુરુ સાપ્તાહિક સ્પેશિયલ દર શુક્રવારે અમદાવાદથી બપોરે 16:00 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સાંજે 20:00 કલાકે મંગલુરુ પહોંચશે. આ વિસ્તરણ દરમિયાન કુલ 8 ફેરે દોડાવવામાં આવશે.

## શબ્દગુંફન - ૭૧૮૯

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. કોલાહલ, ઘોંઘાટ (૫)
૪. જૂઠાણું (૪)
૬. મૂર્ખપણું (૩)
૭. બડાઈ, શેખી (૪)
૯. છ મણનું વજન (૨)
૧૧. સીમા, મર્યાદા (૨)
૧૨. વિલંબ, ઢીલ (૨)
૧૩. ગાયનના ઠોકનું માપ (૨)
૧૪. એક પાથરણું (૪)
૧૬. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૧૭. એક જળચર (૩)
૧૯. જરાક (૨)
૨૧. આશય, હેતુ (૪)
૨૩. આપવું તે (૨)
૨૪. ઊહાપોહ (૪)
૨૬. દબાણ, પીડવું તે (૩)
૨૭. તદ્દન, સાવ (૪)
૨૯. મજબૂત કે ટકે નહિ એવું (૪)
30. પ્રહાર ઝીલવાનું સાધન (૨)

**ઊભી ચાવી**

૧. તરસ (૨)
૨. બચાવેલી રકમ (૩)
3. ગમતી, વિનોદી (૩)
૪. પોષણ માટે જોઈએ તેટલો ખોરાક(૪)
૫. એક હિંસક પ્રાણી (૨)
૭. દરજ્જો, ઉપાધિ (૨)
૮. બહાદૂર, વીર પુરુષ (૩)
૧૦. એક કઠોળ (૨)
૧૧. પચેલું (૩)
૧૨. ઘોડો (૨)
૧૩.ધૂન, મસ્તી (૨)
૧૪. કવિતાની કડી (૨)
૧૫. મજા, આનંદ (૩)
૧૬. દિવસ (૨)
૧૮. લીન, ડૂબેલું (૩)
૧૯. પરમેશ્વર (૨)
૨૦. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૨૧. હશે, છો ને (૨)
૨૨. જરા, સહેજ (૩)
૨૩. મૂલ્ય (૨)
૨૪. ઢેગ (૨)
૨૫. એક પક્ષી (૩)
૨૬. શ્વાસ (૨)
૨૭. પર્વત પરથી પડતો પાણીનો પ્રવાહ (૨)
૨૮. કૃપા, રહેમ (૨)



# 8,931 દિવસ સુધી સરકારના વડા રહેવાનો મોદીનો રેકોર્ડ

ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદીએ ચૂંટાયેલી સરકારના વડા તરીકે સતત 8,931 દિવસ પૂર્ણ કરીને એક નવો ઐતિહાસિક રેકોર્ડ સ્થાપ્યો છે. આ માત્ર સમયનો આંકડો નથી પરંતુ દેશની જનતાના અખંડ વિશ્વાસનો રેકોર્ડ છે. વિશ્વકર્માએ માહિતી આપી હતી કે, નરેન્દ્ર મોદીએ સિક્કિમના પૂર્વ મુખ્યમંત્રી પવનકુમાર ચામલિંગના 8,930 દિવસના શાસનકાળને પાછળ છોડી દીધો છે. આ સાથે જ વડાપ્રધાન તરીકે તેમણે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના 4,077 દિવસના કાર્યકાળના રેકોર્ડને પણ વટાવ્યો છે. તેઓ ગુજરાતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા મુખ્યમંત્રી તરીકે પણ ઈતિહાસમાં સ્થાન પામ્યા છે, તેમ પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ગાંધીનગરમાં જણાવ્યું હતું. પ્રદેશ ભાજપના અધ્યક્ષે જણાવ્યું હતું કે, છેલ્લા 24 વર્ષના જાહેર જીવનમાં નરેન્દ્ર મોદીએ ક્યારેય પોતાને માત્ર સત્તાધીશ તરીકે નહીં, પણ 'રાષ્ટ્રના સેવક' તરીકે જોયા છે.

# કાળઝાળ ગરમી વચ્ચે 29-30 માર્ચે માવઠાની આગાહી

**રાજ્યમાં** અમરેલીમાં સૌથી વધુ 39 ડિગ્રી ગરમી

અમદાવાદ : રાજ્યમાં હાલ ગરમીનો પારો સતત ઉપર ચઢી રહ્યો છે અને અનેક શહેરોમાં તાપમાન 38 ડિગ્રીને પાર કરી ગયું છે. જોકે, આ આકરા તાપ વચ્ચે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. આગામી 28 માર્ચની રાતથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવા જઈ રહ્યું છે, જેના કારણે ગરમીમાં ઘટાડો થશે અને રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

અમરેલીમાં ગરમીનો કહેર, અમદાવાદ-ગાંધીનગરમાં પારો 37 ડિગ્રી

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, હાલ રાજ્યમાં ગરમીનું જોર યથાવત છે. સમગ્ર ગુજરાતમાં અમરેલી 39 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ શહેર નોંધાયું છે. રાજ્યના અન્ય મુખ્ય શહેરોની સ્થિતિ જોઈએ તો, રાજકોટ, સુરેન્દ્રનગર, કેશોદ, વડોદરા, સુરત અને વલ્લભ વિદ્યાનગરમાં તાપમાન 38 ડિગ્રી નોંધાયું છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર અને ભૂજમાં પારો 37 ડિગ્રી રહ્યો છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં નલિયા (34), કંડલા (36), ભાવનગર (36) અને પોરબંદરમાં 33 ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના વિશ્લેષણ મુજબ, હાલ દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાં સમુદ્રની સપાટીથી 1.5 કિમીની ઊંચાઈએ એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે.

### આ જિલ્લામાં વરસાદનું એલર્ટ

29 માર્ચ, 2026ના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં 30 થી 40 કિમીની ઝડપે પવન ફૂંકાવાની સાથે વીજળીના કડાકા-ભડાકા સાથે હળવો વરસાદ પડી શકે છે. જ્યારે 30 માર્ચ, 2026ના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ 30 થી 40 કિમીની ઝડપે પવન ફૂંકાવાની સાથે વીજળીના કડાકા-ભડાકા સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છ જિલ્લામાં પણ છૂટાછવાયા સ્થળોએ મેઘમહેર જોવા મળી શકે છે.

## આજનું પંચાંગ

**તા. 27/03/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિઃ** સુદ : નોમ) 10:08 પછી દસમ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 06
**યોગ :** અતિગંડ **કરણઃ** તૈતિલ
**નક્ષત્ર :** પુનર્વસુ: 15:25
**રાશિઃ** મિથુન (ક,છ,ઘ) 09:38 પછી કર્ક (ડ,હ)
**દિવસ :** ચૈત્ર નવરાત્ર સમાપ્ત શ્રી સ્વામીનારાયણ જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:38 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:50
**નવકારસી :** 07:26
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 15મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 07મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ,
**રાહુ કાળ :** સવારે 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મહત્ત્વના નવાં ફેરફાર થાય. નવાં કામ અને નવાં ઘરની યોજનામાં પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** નિર્ણય લેવામાં ઉતાવળ કરવી નહીં. દોડધામ રહેશે. વિવાદ ટાળવો. અણગમતા સમાચાર મળે. પ્રવાસ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** ઉઘરાણી આવી શકે છે. ઘરમાં અવરજવર વધશે. આર્થિક બાબતે ભીંસનો અનુભવ થાય.

**કર્ક (ડ,હ,):** મન અતિ ક્રિયાશીલ રહે. કામમાં વિલંબ થાય. સખત પરિશ્રમ કરવો પડશે. અચાનક શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** પડવા-વાગવાનો ભય, ખર્ચા વધે. પ્રવાસમાં સાવધાન પારીવારિક પ્રશ્નો સતાવે વિવાદ ટાળવો.

**કન્યા (પ,ઠ,ણ,):** આવક વધે. પ્રેમમાં વિશ્વાસ વધશે. સંતાનોનાં કામ થાય અચાનક શુભ સમાચાર મળે.

**તુલા (ર,ત,):** આવક વધારવાની યોજના બને. મિલકતને લગતા કામ થાય. વેપાર ધંધામાં નવી તકથી લાભ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** શુભ સમાચાર મળે. વિદેશનાં કામ પાર પડશે. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. જીવનસાથી સાથે ઘર્ષણ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આરોગ્યનું ધ્યાન રાખવું ગુપ્ત ભય સતાવે. અચાનક દોડધામ વધશે. કોર્ટ-કચેરીમાં ધીરજ.

**મકર (ખ,જ,):** ઉંમર લાયકના વિવાહ થઇ શકે છે. વિદેશ પ્રવાસને લગતાં કામ થાય. રોજની આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીમાં પ્રમોશન થાય. ધંધામાં આવક વધે. વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. ખર્ચા વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમમાં સહકાર મળે. સંતાનોનાં કામમાં મિત્રોની મદદ મળે.

### કોઈ પણ સાલમાં 27 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી પડતી અને ધંધામાં હરીફોનો સામનો વધશે. આરોગ્ય સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. માનસિક અને શારીરિક પીડા બાબતે સમાન રહેવું. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં મિત્રોની મદદ મળે. વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજીનો લાભ મળે. વિદેશનાં કામ ધીમા પડે. વારસા, જાયદાદ, જમીન બાબતે વિઘ્નો આવે. ઉમરલાયકના વિવાહનાં ખર્ચા અને પરિવારની સમસ્યાની ચિંતા સતાવે. વકીલોની મદદ સામાજિક કામમાં મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ-એપ્રિલ, ઓક્ટોબર-નવેમ્બર, મંગળ-ગુરુવાર 9, 18, 27 તારીખ નવાં કામ માટે અનુકૂળ રહેશે. લાલ રંગનો ઉપયોગ કરતાં રહેવું. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ-શનિવાર, 8, 17, 26 તારીખે નવાં કામ ટાળવાં. સફેદ અને ભૂરા રંગનો ઉપયોગ કરવાનુ ટાળવું.